## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

હોય નજદીકી છતાંયે દૂર થાતા જાય છે,
ભેદ સઘળા એટલે ઘેઘૂર થાતા જાય છે.
એ જ છે ઈચ્છા કે સાચી નોંધ લેનારા મળે,
ભાવ હૈયાંના હવે આતુર થાતા જાય છે.

- વારિજ લુહાર

### પાથેય

- રમેશ ઠક્કર

## નજદીકીનો થાક !

આપણે સહુ એક કોલાહલ વચ્ચે જીવીએ છીએ...માણસને ભીડ ગમતી હોય છે.ટોળું એ એનો આગવો મિજાજ છે.એકમેકની નજીક જીવતા લોકો બાહય રીતે એકબીજા સાથે જોડાયેલા હોય એવું લાગે પરંતુ હકીકતમાં વાત કંઈક અલગ જ હોય છે..ભીડ કે કોલાહલની વચ્ચે પણ માણસ વાતચીત શોધતો હોય એવું પણ બને ! પાસપાસે તોય કેટલાં જોજન દૂરનો આપણો વાસ..એવું કહેવામાં જે સંવેદના છે એ સાર્વત્રિક હોય છે.જાહેરમાં એકબીજાને ગળે વળગીને વ્હાલ કરતો માણસ સપાટી ઉપરના સ્પર્શથી ભાગ્યે જ આગળ વધતો જોવા મળે છે..છેક ઘરના આંગણે સુધી આવી જતા માણસને બહારથી જ શાબ્દિક આગતાસ્વાગતા કરી 'આવો ફરી કયારેક બેસી શકાય એમ..!' એવું કહી દેતા લોકો ઠાવકાઈથી મળવાની મુળ ભાવનાને કુઠારાઘાત આપે છે..આ રીતે વર્તતા લોકો વચ્ચે સહજ લાગણીનો સંચાર કઈ રીતે થઈ શકે ? અને એટલે જ એવું બની શકે કે જગતની દ્રષ્ટિએ નજદીક લાગતા માણસો વચ્ચેના ભેદ એટલા ઘેઘૂર હોય છે કે એને ભેદવાનું કામ કઠીન બની જાય છે..

આહાર એટલે કે ભૂખ એ પ્રાણીમાત્રની પ્રાથમિક જરૂરિયાત હોય શકે એ જ રીતે લાગણી કે પ્રેમ માટેની ભૂખ એ પણ દરેકને સતાવતી હોય છે..માણસ કોઈકનો સહચાર ઝંખે છે..કોઈકની સાથે મોકળા મને વાત કરવાની એને તાલાવેલી હોય છે..કેટલાક લોકો આ ભાવને સંયમિત રીતે પ્રગટ કરી શકે છે..જગતમાં એવા લોકો પણ હોય છે જેમની લાગણી કે પ્રેમ માટેની ઝંખના અત્યંત તીવ્ર અને બોલકી હોય છે..આવા લોકોને આપણે લાખણીભૂખ્યા કહીએ છીએ..મજાની વાત એ છે કે કોઈકની લાગણી માટે સતત તરસતો માણસ અન્યને એ આપવા માટે એટલો ઉદાર હોતો નથી ! પોતાની સાચી નોંધ લેવાય..કોઈક આવીને પ્રેમનો એક અણસાર આપી જાય એ માટેની તીવ્રતા જાણેઅજાણે આપણા સહુની એક સહજ અભિપ્સા બની જાય છે..આતુરતા એ દરેકને સતાવતી વાત છે..કવિઓ લેખકો કે સર્જકો જૈને આપણે અત્યંત સંવેદનશીલ માણસો કહીએ છીએ એવા લોકોમાં એ બેહદ તીવ્ર હોય છે..એ લોકોની કેફિયત કે પોતાના વિશેનાં બયાનો સાંભળીએ ત્યારે એમની આ અંગેની ઉંડાઈનો આપણને અનુભવ થાય છે..ઘણીવાર તો પ્રેમ માટેની ઝંખના જ માણસને સર્જક અથવા તો સંત બનાવે છે.એવાં ઉદાહરણ આપણી આસપાસ અનેક હોય છે.

લાગણીની ભૂખ ના સંતોષાય ત્યારે એનામાં એક વિષાદ ઉભો થાય છે..વાસ્તવથી વિમુખ થતાં જ એક કલ્પના જગત ઉભું થઈ જાય છે..કલ્પના વિહાર એ માણસનો આમાંથી છુટવાનો સોદો ઉપાય છે..બહારથી બરછટ લાગતા માણસની ભીતર ભવ્ય ભાવજગત ઝળહળતું હોય એવું આપણે ઘણીવાર અનુભવીએ છીએ..'કયારેક કાચ સામે કયારેક સાચ સામે... થાકી જવાનું કાયમ તલવાર તાણી તાણી...'ચિનુ મોદી માણસની મથામણને આ રીતે વ્યક્ત કરે છે..! યુધ્ધો કે લડાઈઓમાં મળતા પરાજય કરતાં આવા પરાજયો વધારે કારમા હોય છે.

અનુસંધાન પાના નં. ૭ પર

# ઈમરાનનો 'ભારત રાગ' લોકપ્રિય બનાવશે...

### તંત્રીસ્થાનેથી...

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ક્વોડ શિખર પરિષદમાં હાજરી આપવા જાપાન પહોંચ્યા છે ત્યારે પાડોશી રાષ્ટ્રના 'નિવૃત્ત' વડાપ્રધાન ઈમરાનખાન ભારતની વિદેશનીતિનાં ખુલ્લા દિલથી વખાણ કરતાં થાકતાં નથી. ભારત કોઈની શેહમાં આવ્યા વગર જ પોતાના દેશ હિતમાં નિર્ણયો લઈ શકે છે અને અમેરિકા સાથે એક પાટલે બેસીને રશિયા પાસેથી તેલ ખરીદી શકે છે. આ રીતે એ બધા જ નિર્ણયો પોતાની અનુકૂળતા અનુસાર લે છે. પાકિસ્તાનના શાસકોનું એ ગજું નથી. આવી ખુલ્લી કબૂલાત કરનાર પૂર્વ વડાપ્રધાનને એમના પદ પરથી હઠી જવા મજબૂર કરનાર નવાઝ શરીફની પાર્ટીનાં નેતા અને પ્રવક્તા મરિમય એમને ભારત બહુ ગમતું હોય તો ભારતમાં જતા રહેવાની સલાહ આપે છે. ઈમરાન મૂળે તો ક્રિકેટર હતા. પાકિસ્તાનની ટીમના સુકાની તરીકે એને પ્રતિષ્ઠા અપાવનાર સેલિબ્રિટી ખેલાડીએ રાજકારણમાં ઝંપલાવીને દેશની શિકલ બદલી નાખવાનાં સપનાં જોયા હતાં. બે રાજકીય પરિવારો વારાફરતી પાકિસ્તાન પર શાસન કરતા રહ્યા હતા અને વચ્ચે વચ્ચે લશ્કરી વડાઓ એમને હટાવીને દેશનું સુકાન સંભાળતા રહ્યા છે. ભારત અને પાકિસ્તાન એક સાથે આઝાદ થયાં હોવા છતાં ભારતમાં લોકશાહી મજબૂત બનતી રહી જયારે પાકિસ્તાનમાં ફક્ત કહેવા પૂરતું જ એનું અસ્તિત્વ છે. વડાપ્રધાન પદે કોને બેસાડવા અને કોને અધવચ્ચેથી ઉઠાડી મૂકવા તે ત્યાંની આર્મી અને કુખ્યાત ગુપ્તચર એજંસી આઈએસઆઈ નક્કી કરે છે. પદભ્રષ્ટ થયેલા ઝુલ્ફીકાર અલી ભુટ્ટોને પાકિસ્તાનની સુદીર્ઘ સેવાઓ બદલ ફાંસીની નવાજેશ થઈ હતી. ભારતની જૂનાગઢ રિયાસતના દીવાન એમના પિતાશ્રી હતા. ભલાભોળા નવાબને બહેકાવીને એમને જૂનાગઢનું રજવાડું પાકિસ્તાનમાં ભેળવવા પ્રયાસ કર્યો હતો જેને સરદાર પટેલના માર્ગદર્શન હેઠળ સ્થાનિક પ્રજાના પ્રતિનિધિઓએ આપેલી ઐતિહાસિક લડત 'આરઝી હકૂમત' ની ફલશ્રુતિ લેખે પડકારતાં નવાબ અને દીવાન રાતોરાત પાકિસ્તાન ભાગી ગયા હતા. સિંધ પર ભૂટ્ટો પરિવારનો અને પંજાબ પર શરીફ પરિવારનો ભારે પ્રભાવ છે. એથી ચૂંટણી વખતે મુખ્ય સ્પર્ધા આ બે પારિવારિક પાર્ટીઓ વચ્ચે જ થતી રહી છે. ઈમરાન ખાનની નવી પાર્ટીને આર્મીનું સમર્થન સાંપડતાં તક તો સાંપડી પણ તેઓ એમની ટર્મ પૂરી કરી શક્યા નહીં. પ્રશ્નો ઉકેલવાને બદલે વધુ ને વધુ ગૂંચવી દીધા પછી ઈમરાન વિરુદ્ધ બેઉ પ્રતિસ્પર્ધી રાજકીય પાર્ટીઓએ એક થઈને ઝુંબેશ ચલાવી હતી જેમાં ખુદ ઈમરાનની પાર્ટીના બળવાખોરો સામેલ થતાં અને આર્મીના વડા સાથે મતભેદ થતાં એમને રાજીનામું આપવાની ફરજ પડાઈ હતી. જો કે ઈમરાન ખાનને પદભ્રષ્ટ કરીને નવા વડાપ્રધાન બનેલા નવાશ શરીફના નાના ભાઈ શહબાઝ શરીફ સામે પણ અનેક અદાલતી કેસ પડેલા છે. નવાજ શરીફે લંડન બેઠા બેઠા ઈમરાન સરકાર ઊથલાવી છે એમ કહેવામાં અતિશયોક્તિ નથી. શરીફ વિરુદ્ધ પણ ભ્રષ્ટાચારના પાર વગરના આક્ષેપો થયેલા છે અને એમાંથી બહાર આવવા માટે એમને પણ અદાલત, આર્મી અને વર્તમાન સરકારની મદદ જોઈએ. જો કે નવી ચૂંટણી વખતે ભુટ્ટો પરિવારના ફરજંદ બિલાવલ પાકિસ્તાનની બાગડોર સંભાળવા ઉતાવળા થઈ રહેવાના એ પણ નક્કી છે. કાશ્મીરના મુદ્દાને બધાએ શરિયતના કાનૂનની જેમ પકડી રાખ્યો છે. એટલે પાકિસ્તાનમાં કોઈ પણ શાસક આવે એ સૌથી પહેલાં કાશ્મીર રાગ આલાપીને જ એની સત્તાના શ્રીગણેશ કરશે. ચીનને એનું સ્ટ્રેટેજિક સમર્થન હતું અને રહેવાનું છે. ઈમરાનખાન ભારતની પ્રશંસા કરીને પાકિસ્તાનની પ્રજાનું દિલ જીતવા પ્રયાસ કરી રહ્યા છે. એમને એમના મિશનમાં સફળતા મળશે ખરી ?

# જે વાસ્તવિક હોય, સત્યની નિકટ હોય એ દિશામાં મનને વાળવું જોઈએ

'બધે એવું જ હોય, દર વર્ષે ભાડા કરાર મુજબ ૫-૭ ટકા ભાડુ વધારી જ આપવાનું હોય... તો આપણી દુકાનના ભાડૂતે પણ આપવું જ પડે...!!

રમાએ એના કાકાને કહ્યું, જેમની દુકાન ભાડે આપેલી હતી અને નવો ભાડા કરાર કરવાનો હતો. હવે આ જ રમાનો એક બીજો સંવાદ પણ સાંભળો જે એણે એની બહેનપણીને કહ્યો હતો.'

'અરે એવું થોડું ચાલે ? તું તારા મકાન માલિકને કહે કે આમ દર વરસે થોડુ અમે વધારી આપીએ...'

વાત એમ હતી કે ઘરનો ભાડા કરાર રીન્યુ કરવાનો હતો અને એમાં ૭ ટકા ભાડુ વધારવાની વાત હતી.

મારી તમારી આસપાસ આવી ઘટનાઓ બનતી જ રહે છે, કયાંક, કયારેક આવી ઘટનાઓનો હિસ્સો આપણે પણ બનતા હશું કે જેમાં એક જ વ્યક્તિ બે જુદાં જુદાં પ્રસંગે સમાન પ્રસંગોમાં પોતાના વિચારો ઉત્તર-દક્ષિણની જેમ રજૂ કરે છે. સવાલ થાય કે આવું કેમ ? તો જવાબ પણ મળે, અને તે હોય છે આપણો અંગત સ્વાર્થ... હા, ગમે કે ના ગમે, સ્વીકારવું જોઈએ કે માણસ તરીકે જયાં લાભ લેવાનો હોય, મેળવી કે ઝૂંટવી લેવાનું હોય, નુકશાન અટકાવવાનું હોય, પૈસા-પરિશ્રમ કે સમયની બચત કરવાની હોય, આપણે સ્વાર્થી બની જઈએ છીએ.

હવે આમ જુઓ તો એમાં ખોટું પણ શું છે ? સ્વાર્થી તો થવું જ પડે, સ્વહિતમાં જો સ્વાર્થી ના બનીએ તો તો દુનિયા આપણને કયાંયે ખદેડી મૂકે... એટલે જ સ્વાર્થી થવાની વાત સ્વીકારીએ પણ વધુ પડતા સ્વાર્થી ના થઈએ એની કાળજી તો લઈએ ને !!




એક કિસ્સો લખવો ગમે... ઘરમાં કામ કરવા આવતા માણસો જયારે રજા માંગે ત્યારે ઉમળકાથી એની રજા મંજૂર કરનારા બહુ ઓછા હોય છે, બંને પક્ષે જાતજાતની ને ભાતભાતની દલિલો થાય ત્યારે રજા મંજૂર થાય... હવે એ પરિવારને કોઈ સામાજિક પ્રસંગ કયાંક જવાનું છે અને તે પરિવારની દીકરી પ્રાઈવેટ કંપનીમાં નોકરી કરે છે, જેને રજા મળતી નથી તો ઘરના વડીલો તને રજા મળવી જ જોઈએ, એ તો જરા ખોંખારો ખાઈને કહેવું પડે એમ જ કહેતા હોય છે.... આમ બંને પરિસ્થિતિમાં વર્તણુકના કાટલા બદલાઈ જાય છે.

એક વર્ષ પૂરું થાય એટલે સ્વાભાવિક રીતે ઈન્ક્રીમેન્ટની રાહ જોનાર પાસે, એમના હાથ નીચેનો કર્મચારી ઈન્ક્રીમેન્ટ માંગે તો બહુ ગમતું નથી અને સાંપ્રત આર્થિક પરિસ્થિતિ સંદર્ભે સમગ્ર વિશ્વનો ચિતાર રજૂ થઈ જાય છે. બધા જ લોકો આવો હોય એમ કહેવાનો જરાયે આશય ના હોઈ શકે, એમ નથી જ, બધા લોકો કયારેક એક સરખા ન જ હોઈ શકે. કોરોનાકાળમાં એવા કેટલાયે પરિવારો હતા જેઓ આર્થિક રીતે થોડા પહોંચતા પામતા હતા તો તેઓએ એમને ત્યાં કામ કરનારા માણસોના પૈસા કામે ન આવવા છતાં એમના ઘરે જઈને આપ્યા છે. ઈન્ક્રીમેન્ટ માંગ્યા વિના સામેથી જ એનો પગાર વધારી આપનારા લોકો પણ છે જ.

સવાલ આપણી મનની સ્થિતિનો હોય છે. આપણે કંઈ જગ્યાએથી, કેવી દ્દષ્ટિથી પાત્રને કે ઘટનાને જોઈએ છીએ એના પર આપણા દ્વારા લેવાતા નિર્ણયનો કે થતી રજૂઆતનો આધાર હોયછે. સ્વાભાવિક છે કે આપણું મન, આપણી બુદ્ધિ આપણું જ હિત જૂએ, સામેના માણસનો વિચાર થોડો કરે ? પરંતુ જરા મનની બારીને ખોલીએ, થોડા અજવાળાને આવકારીએ ત્યારે સમજાય છે કે આ પક્ષ કે તે પક્ષની તરફેણ નથી કરવાની, દૃષ્ટા થઈને વાસ્તવિક સ્થિતિનું દર્શન કરવાનું છે અને એના આધારે નિર્ણય લેવાનો છે.

આપણી સંસ્કૃતિમાં તો સર્વજન હિતાયનો મંત્ર ગુંજે છે, વિશ્વ કલ્યાણની ભાવના પ્રસરેલ છે તો પછી બંને પક્ષનું હિત જેમાં સમાયેલું હોય, જે વાસ્તવિક હોય, સત્યની નિકટ હોય એ દિશામાં મનને વાળવું જોઈએ આવું જયારે જયારે થાય છે ત્યારે ત્યારે સમજણના અજવાળા રેલાય છે.

### દિન મહિમા

- બ્રધર્સ ડે
- ૨૦૧૯માં સુરતમાં આગ લાગવાથી ૨૨ વિદ્યાર્થીઓના મોત...

આજનું

### ઔષધ

- કાચી કેરીને શેકી, ખૂબ નરમ કરી તેના માળામાં સાકર મેળવીને ખાવાથી કોલેરામાં ખૂબ હીતાવહ છે.

### ખડખડાટ

- ડોક્ટર : બતાવ કયા દુ:ખે છે?
છોકરો : આ જોવો મેસેજ સીન થઈ ગયો છે પણ નો રિપ્લાય....

આજનો

### વોટ્સએપ

- તકલીફો હંમેશાં એક નવો માર્ગ બનાવવા આવે છે હારીને પણ ના હારવું એ જ શરૂઆત છે જીતની....

# ...કારણકે બધા સગા વહાલા નથી હોતા અને બધા વહાલા સગા નથી હોતા

હમણાં જ્યારે લગ્નની અને શુભ પ્રસંગોનો સમય ચાલી રહ્યો છે ત્યારે whatsapp પર એક ખૂબ જ વાસ્તવિક અને ચિંતનીય સંદેશ આવ્યો તે શબ્દશઃ અહીં મૂકું છું.

ગઈ કાલે એક વડીલ સંબંધી અમારા ઘરે તેમના દીકરાના લગ્નની કંકોત્રી આપવા આવ્યા....

અમે ખુશ થતાં થતાં કંકોત્રી હાથમાં લીધી...
ખુશી વ્યક્ત કરી...
સાથે, તેમને ખરાબ ના લાગે એટલે કંકોત્રી ખોલી
પ્રસંગના સમય અને તારીખ ઉપર નજર નાખી...
પણ,
પહેલી નજર એ કંકોત્રીનાં મથાળા ઉપર પડી....
જેમાં એ વડીલે પોતાનો ફોટો બે હાથ જોડી,
વિનંતી કરતો મૂક્યો છે.
તેમાં સુંદર પંક્તિઓ લખી છે....
આવો, તો પણ સારૂ....
ના આવો, તો પણ સારૂ....
તમારૂં સ્મરણ છે,
તમારાથી પ્યારૂ....
આમ વડીલ ખરા, પણ મિત્ર જેવા.
મેં હસતાં હસતાં કહ્યું....
આ તમારા આમંત્રણની ભાષા કશી
સમજમાં ન આવી.
વડીલ હસી પડ્યા.
બેટા....
ઘરમાં જયારે સારા પ્રસંગ લો,
ત્યારે કુટુંબસગાસંબંધીશમિત્રો,
આડોશપાડોશનું લિસ્ટ બનાવો કે નહીં ??
મેં કહ્યું....
હા, કાકા.
તો કાકા કહે....
મેં ઊંધેથી આ વખતે લિસ્ટ બનાવ્યું
કુટુંબશમિત્ર મંડળ, કે સગા સંબંધીમાં,
આડા પાંડુ
વિઘ્ન સંતોષી
ઝગડાખોર
મંથરા
શકુની જેવી વ્યક્તિઓ કોણ કોણ છે.
જે કોઈનું સારૂં જોઈ શકતા નથી.
અને પ્રસંગમાં સળી કરી ખસી જાય છે. એ લિસ્ટ પહેલાં બનાવ્યું.
જો બેટા, મેં મારો સ્વભાવ સાવ બદલી નાખ્યો છે.
આ ૬૦ વર્ષ લોકોનું સાચવવામાં ને સાચવવામાં મારી જીંદગી પુરી કરી નાખી.
હવે બાકી બચેલ જીંદગી મારી રીતે મારે જીવવી છે.
અને ભરપૂર આનંદ લેવો છે.
આવી વ્યક્તિઓ મારી નજીક હોય કે ના હોય,
મને કોઈ ફેર પડતો નથી.
બેટા....
સંબધ એવો હોવા જોઈએ કે જેમાં
શબ્દ ઓછા, અને સમજ વધારે હોય.
વિવાદ ઓછો, અને સ્નેહ વધારે હોય.
શ્વાસ ઓછો, અને વિશ્વાસ વધારે હોય.
પુરાવા ઓછા, અને પ્રેમ વધારે હોય.




અહીં તો ઘડીએ ઘડીએ ખુલાસા કરવા પડે.
તેવા સંબંધ, હોય કે ના હોય શું ફેર પડે ??
સમાજને બેટા જેટલું કરો તેટલું ઓછું જ લાગે છે.
પ્રસંગ, હળવા-મળવા અને આનંદ કરવા માટે હોય છે.
લોકોના મગજ ઓળખી શકાતા નથી.
અંતિમ યાત્રામાં પણ માણસો વધારે જોઈ,
લોકોને બળતરા થવા લાગે છે.
આવા લોકો આપના પ્રસંગમાં આવે તો શું થાય ??
બેટા,
સમાજની માનસિકતા એવી છે કે....
તેણે રૂપિયા હજાર રૂ.નો વ્યવહાર કર્યો,
તો તમે પણ તેના પ્રસંગમાં વાળી આપો.
નહીંતર તે માનસિક રીતે તમને ફાડી ખાશે.
દેખાદેખી છોડી સ્પષ્ટ થવાનો વખત આવ્યો છે.
બેટા....
હું તો પ્રેમનો ભૂખ્યો છું.
કોઈના લગ્નમાં આપણને બોલાવી,
આપણી હાજરીની નોંધ પણ તે લોકો
ન લેતા હોય એવી જગ્યાએ તો મેં જવાનું જ બંધ કરી દીધુ છે.
તેના કરતાં મને ઘરની સ્વમાનની ખીચડી
વધારે ભાવે છે....
ચાલ બેટા....
તારી સાથે વાત કરીને ઘણો હળવો થયો અને આનંદ પણ થયો.
જીંદગીમાં મોજીલી વ્યક્તિઓને મળવું.
મારે ખૂબ મોકળા મને જીંદગી જીવી લેવી છે.
બહુ જ થોડી બચી છે આ જીદંગી.

અનુસંધાન પાના નં. ૭ પર

# ઋષિ કણાદને પરમાણુ શાસ્ત્રના પિતામહ માનવામાં આવે છે

માહિતી અને જ્ઞાન વચ્ચે આસમાન જમીનનો તફાવત છે. લોકો મોટાભાગે માહિતીને જ્ઞાન સમજવાની ભૂલ કરી નાખતા હોય છે. પ્રાચીન કાળથી ભારત ઉપમહાદ્વિપમાં જ્ઞાનનાં પ્રકાશનો ઉજાશ હતો. કલા, ગણિત, વિજ્ઞાન જેવા વિવિધ ક્ષેત્રોમાં ભારતનું યોગદાન આદી અનાદી કાળથી અવિસ્મરણીય રહ્યું છે. આધુનિક યુગના એવા તો ઘણા આવિષ્કારો છે કે, જેને હજારો વર્ષ પૂર્વે ભારતના તજજ્ઞો અને ઋષિ મુનિઓએ સંશોધિત કરી તેના સફળ પ્રયોગો કર્યા છે.

ખગોળ વિજ્ઞાન ક્ષેત્રે સ્ટીફન હોકીન્સ જેવા વૈજ્ઞાનિકોના સંશોધનો અને પ્રયાસોને સન્માન જરૂર છે પરંતુ ભારત વર્ષના પૌરાણિક ગ્રંથોમાં ખગોળ વિજ્ઞાનને ઉજાગર કરતા ઉલ્લેખો માનસપટ ઉપરથી કેમેય કરીને ખસતા નથી. ઋગ્વેદમાં ૩૦ જેટલા શ્લોક ખગોળ વિજ્ઞાનને લગતા છે. જ્યારે યજુર્વેદમાં ૪૪ અને અથર્વવેદમાં ૧૬૨ શ્લોક ખગોળીય જ્ઞાન છે. યુરેનસને એક રાશીમાં આવવા માટે ૮૪ વર્ષનો સમય લાગે છે અને નેપ્ચ્યુનને ૧૬૪૮ વર્ષ, પ્લુટોને ૨૮૪૪ વર્ષ થાય છે એ વાતનો વેદોમાં સ્પષ્ટ ઉલ્લેખ જોવા મળે છે. આપણા પૌરાણિક ઋષિ મુનીઓ પાસે ગ્રહોની ચાલ અને એની સ્થિતિનું ચોક્કસ આકલન હતું. એમની પાસે ખગોળીય ઘટનાઓનુ સચોટ જ્ઞાન હોવાનું આનાથી મોટું પ્રમાણ શું હોઈ શકે ?

ચિકિત્સા ક્ષેત્રમાં હિન્દુસ્તાનના તજજ્ઞો દ્વારા કરાયેલા સંશોધનનુ અદભુત સ્થાન છે. વિશ્વને ભારતે આયુર્વેદ અને યોગની સૌથી મોટી ભેટ આપી છે. ભારતના ઋષિઓએ એમની આધ્યાત્મિક યાત્રામાં આવનારી શારીરિક અડચણોનું નિવારણ કરવા માટે આયુર્વેદ ચિકિત્સા પદ્ધતિનો આવિષ્કાર કર્યો. આયુર્વેદનું સૂત્ર છે, 'શરીર ખલુ ધર્મ સાધના' અર્થાત્ પહેલું સુખ તે જાતે નર્યા. આયુર્વેદ ચિકિત્સા પદ્ધતિને સુવ્યવસ્થિતરૂપ આપવાનું શ્રેય ધનવંતરી, ચરક, ચવન અને સુશ્રુત મહર્ષિઓને જાય છે.

ચરક ઋષિએ ઈસવિસન પૂર્વે ૩૦૦માં આયુર્વેદનો મહત્વપૂર્ણ ગ્રંથ 'ચરકસંહિતા' લખ્યો. આજે સ્કિન સ્પેશ્યાલીસ્ટનું જે સ્થાન છે એવું એ જમાનામાં ત્વચા ચિકિત્સક તરીકે મહર્ષિ ચરકનુ સ્થાન ગણાતું. મહર્ષિ ચરકે શરીરશાસ્ત્ર, ગર્ભશાસ્ત્ર, રક્તાભિશરણશાસ્ત્ર, ઔષધિશાસ્ત્ર જેવા મહત્વપૂર્ણ વિષયોમાં ઘણી ઉપયોગી જાણકારી સંશોધિત કરી હતી. મધુમેહ એટલે કે ડાયાબિટીસ, ક્ષય એટલે કે ટીબી, હૃદયવિકાર એટલે હાર્ટએટેક જેવા રોગો માટેની ઔષધિઓ ચરક મહારાજે હજારો વર્ષો પહેલા સંશોધિત કરી દીધી હતી. એ પછી છેક આઠમી સદીમાં ચરક સંહિતાનો અરબી અને અન્ય ભાષાઓમાં અનુવાદ થયો. ત્યાર પછી આ જ્ઞાનનો પશ્ચિમના દેશોને ખ્યાલ આવ્યો. મહર્ષિ ચરક અને ચવનના સંશોધનો ઉપરથી આજની યુનાની ચિકિત્સા પદ્ધતિનો વિકાસ થયો છે.



શલ્ય ચિકિત્સા પદ્ધતિ એટલે કે પ્લાસ્ટિક સર્જરી. પશ્ચિમના વિજ્ઞાનીઓ દાવો કરી રહ્યા છે પ્લાસ્ટિક સર્જરી ક્ષેત્રનું સંશોધન એમણે કર્યું છે. પરંતુ હકીકત તો એ છે કે, આચાર્ય સુશ્રુતે ઈસવીસન પૂર્વે ૧૦૦૦માં એ સમયના ચિકિત્સકો સાથે મળીને પ્રસવ, કેટરેક, કૃત્રિમ અંગ પ્રત્યારોપણ, ફ્રેકચર, પથરી અને પ્લાસ્ટિક સર્જરીની ચિકિત્સા પદ્ધતિના સિદ્ધાંતો સ્પષ્ટ કર્યા હતા. યુધ્ધમાં ઘવાયેલા અનેક સૈનિકોની એમણે પ્લાસ્ટિક સર્જરી કરી હોવાના પ્રમાણો મળે છે.

આજે ગર્વ સાથે પ્રત્યેક ભારતીય કહી શકે છે કે, જો 'શુન્ય'ની શોધ ભારતીય મહર્ષિઓએ ન કરી હોત તો આજે દુનિયાનો વિકાસ 'ઝીરો' હોત. હજારો વર્ષો પહેલાના સમયમાં વિશ્વમાં જુદી જુદી અનેક અંક ગણિતની પ્રણાલીઓ પ્રચલિત હતી. પરંતુ ઉત્તર વૈદિક કાળમાં 'શૂન્ય'ના આવિષ્કાર થયા બાદ ગણિત અને વિજ્ઞાનમાં ક્રાંતિ સર્જાઈ. ભારતે શૂન્ય ઉપરાંત અંકોની વિશ્વને જાણકારી આપતા વૈશ્વિક અંક ગણિત વિજ્ઞાનનું સ્વરૂપ જ બદલાઈ ગયું. બીજ ગણિત, કોણ નીતિ, કલમ, સ્થાન મુલ્ય પ્રણાલી અને દશક પદ્ધતિ પણ ભારતની જ દેન છે.

ભારતના સુપ્રસિદ્ધ ગણિતજ્ઞ ભાસ્કરાચાર્યજીનું નામ વિશ્વભરમાં બહુ આદરથી લેવાય છે. ૧૧૧૪માં જન્મેલા ભાસ્કરાચાર્યજીએ લખેલા ગ્રંથો વિદેશની અનેક ભાષામાં અનુવાદીત થતાં દુનિયાના વૈજ્ઞાનિકો અને સંશોધકો માટે તેમના શોધ કાર્યો માટેના નવા માર્ગો ખુલી ગયા. ન્યુટનથી ૫૦૦ વર્ષ પહેલાં ભાસ્કરાચાર્યજીએ ગુરુત્વાકર્ષણના નિયમને એમના ગ્રંથ 'સિદ્ધાંત શિરોમણી'માં સ્પષ્ટ કર્યો હતો. આ ગ્રંથમાં એમણે નોંધ્યું છે કે, 'આકાશ તરફ ફેંકાયેલી વસ્તુને પૃથ્વી સ્વશક્તિથી પોતાની તરફ ખેંચી લે છે. પૃથ્વીની સ્વશક્તિના કારણે આકાશી પદાર્થ પૃથ્વી ઉપર પડે છે.' આનાથી એ વાત સિદ્ધ થાય છે કે, હજારો વર્ષ પહેલાં ભાસ્કારાચાર્યજીએ પૃથ્વી ઉપર ગુરુત્વાકર્ષણની શક્તિ છે એ વાત પ્રતિપાદીત કરી હતી. ભાસ્કરાચાર્યજીના અન્ય ગ્રંથ 'લીલાવતી'માં ગણિત અને ખગોળ વિજ્ઞાન ઉપર ઉંડો પ્રકાશ પાડવામાં આવ્યો છે. ૧૧૬૩માં એમણે 'કરમકુતુહલ' ગ્રંથમાં સૂર્યગ્રહણ અને ચંદ્રગ્રહણના સચોટ આકલનના સિદ્ધાંતો સમજાવ્યા છે.




વિમાનની શોધ રાઈટ બ્રધર્સે કરી એ વાત સર્વ વિદિત છે પરંતુ એમાં થોડું પરિવર્તન કરી એમ કહી શકાય કે, રાઈટ બ્રધર્સે 'આધુનિક વિમાનો'ની શોધ કરી છે. હવાઈ ઉડ્ડયનના જનક તો ભારદ્વાજ ઋષિને કહેવા પડે. હજારો વર્ષ પહેલાં એમણે લખેલા ગ્રંથ 'વૈમાનિક શાસ્ત્ર'માં હવાઈ જહાજ બનાવવાની ટેકનિકનું વર્ણન જોવા મળે છે. એવા ઉલ્લેખો પ્રાપ્ય છે કે, 'ગૌધા' પ્રકારનું હવાઈ જહાજ અદ્રશ્ય થઈ જતું. 'પરોક્ષ' જહાજ દુશ્મનના જહાજોને તોડી પાડવા સક્ષમ હતું. 'પ્રલય' વિદ્યુત ઉર્જાનું શસ્ત્ર હતું. 'જલદરૂપ' હવાઈ જહાજ વાદળા જેવું લાગતું. સ્કંદ પુરાણના ખંડ-૩ના ૨૩માં અધ્યાયમાં ઉલ્લેખ છે કે, કર્દમ ઋષિએ તેમની ધર્મપત્નીના વિહાર માટે હવાઈ જહાજનું નિર્માણ કર્યું હતું. રામાયણના પુષ્પક વિમાનની વાત સૌ કોઈ જાણે જ છે.

અગસ્ત્ય ઋષિએ વીજળીનો આવિષ્કાર કર્યો હતો. અગસ્ત્ય સંહિતામાં વિદ્યુત ઉત્પાદન સંબંધી અનેક સૂત્રો જોવા મળે છે. રોબર્ટ્સ ઓપન હાઈમરને પરમાણુ બોંબ જેવા ઘાતક શસ્ત્રના જનક માનવામાં આવે છે. રોબર્ટ્સ અને એના વૈજ્ઞાનિકોની ટીમે બનાવેલા પરમાણુ બોંબનું પહેલું પરિક્ષણ વર્ષ ૧૯૪૫માં કરવામાં આવ્યું. પરમાણુ સિદ્ધાંતોની વાત આવે એટલે જોન ડલ્ડનને હંમેશા લોકો યાદ કરતા હોય છે. જો કે આના પણ ૨૫૦૦ વર્ષે પહેલા કણાદ ઋષિએ વેદોમાં લખેલા સૂત્રોના આધારે પરમાણુ સિદ્ધાંતોને ઉજાગર કર્યા હતા. ઋષિ કણાદને પરમાણુ શાસ્ત્રના પિતામહ માનવામાં આવે છે.

શોધ, સંસ્કાર અને સંસ્કૃતિની ત્રિવેણી એટલે ભારતીય ઉપમહાદ્વિપ. નવા સંશોધનો અને નવા વિચારોને હૃદયપૂર્વક આવકાર જરૂર છે, પરંતુ વેદ, ઉપનિષદ, ચરક સંહિતા, અગસ્ત્ય સંહિતા, વૈમાનિક શાસ્ત્ર, લીલાવતી ગણિત જેવા ભારતના મહાન ગ્રંથોના અનુવાદો વિશ્વના શોધકર્તાઓએ તેમના શોધકાર્યમાં સંદર્ભ માટે ઉપયોગમાં લીધા છે એ વાત કોઈ પણ હિન્દુસ્તાની કેવી રીતે ભૂલી શકે ? હિન્દુસ્તાનના મહર્ષિઓના શોધ અને સંશોધનોના સત્ય અને તથ્યને વિશ્વ સમક્ષ હજુ વધુ મૂકવામાં આવે તો એનો અર્થ સ્પષ્ટ બને અને નવા વિચારો તથા સંશોધન કાર્યને બળ પ્રાપ્ત થાય. ભારતનું પ્રત્યેક બાળક અને યુવાન ઉન્નત મસ્તકે કહી શકે છે કે, ભારતે સમગ્ર વિશ્વને જ્ઞાનનો અને સંસ્કારનો રાહ આપ્યો છે.

**ધબકાર :**

ભારતીય ઋષિમુનીઓ દ્વારા લિખિત શાસ્ત્રોમાં જ્ઞાન, વિજ્ઞાન અને ગણિતનું અલભ્ય ચિંતન પથદર્શક બની રહ્યું છે.